**" દિવ્યાંગ મિત્ર " યોજના બાબત.**
**રૂ.૩૦૫.૨૫ લાખ**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ– અપગ/૧૦૨૦૧૬/૩૭૧૭૩/ન.બા.૧૦/છ.૧**
સચિવાલય,ગાંધીનગર.
**તારીખઃ– /૪/૨૦૧૬**

**વંચાણે લીધા :–** 08 APR 2016

(૧) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૧૬/૧/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ– સસુખા/યજન/ન.બા./૨૦૧૫–૧૬/૧૬

**ઠરાવ :–**

સમાજ સુરક્ષા ખાતા હેઠળ નોધાયેલ સંસ્થાઓ, રાષ્ટ્રીય સામાજિક સુરક્ષા સહાય કાર્યક્રમ (NSAP) ની માર્ગદર્શિકામાં દર્શાવ્યા મુજબ આગણવાડી કાર્યકરો, આશા વર્કર, માન્યતા પ્રાપ્ત સખી મંડળો, તેમજ મધ્યાહન ભોજન યોજનાના સંચાલકો સમાજકાર્ય, સમાજશાસ્ત્ર, બી.આર.એસ. વિગેરે જેવા સામાજીક વિષયો સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓ ધ્વારા સર્વેની કામગીરી કરવામાં આવે તો તેઓ વધુ વૈજ્ઞાનીક ઢબે સર્વે કરી દિવ્યાંગોને લાભ અપાવવાની દિશામાં કામગીરી કરી શકે. આ કામગીરી કરનાર વ્યકિતને "દિવ્યાંગમિત્ર" તરીકે ઓળખવાની રહેશે. આ દિવ્યાંગ મિત્ર ધ્વારા જે તે લાભાર્થી પાસે જઈ રૂબરૂ સંપર્ક કરી સંબંધિત યોજનાનું ફોર્મ ભરાવવું, વિકલાંગ પ્રમાણપત્રો,આવકના દાખલા જેવા જરૂરી દસ્તાવેજો મેળવવામાં સાથે રહી મદદરૂપ થવું, બેંક ખાતા, આધારકાર્ડ,રેશનકાર્ડ,ચૂંટણી કાર્ડ જેવા અગત્યના દસ્તાવેજો લીકઅપ કરાવવાની કામગીરી કરાવી શકાય. લાભાર્થીના ખાતામાં સહાય,પેન્શન કે શિષ્યવૃતિની રકમ જમા થયા બાદ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ધ્વારા જે તે દિવ્યાંગમિત્ર કે સંસ્થાને લાભાર્થીદીઠ તેના બેંક ખાતામાં મહેનતાણાની રકમ ચુકવવામાં આવે,સદરે બાબતની નવી બાબત વંચાણે લીધેલ ક્રમાંકઃ– (૧) થી નિયામકશ્રી, સમાજ સુરક્ષા કક્ષાએ રજુ કરેલ હતી.જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨/– પુખ્ત વિચારણાને અંતે રૂા.૩૦૫.૨૫ લાખની આ નવી બાબતને આથી નીચેની શરતોએ સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૬ પછી કરવાનો રહેશે. અને જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની જોગવાઈ સુધારેલ અંદાજોમાં કરાવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૭) આ અંગેની વિગતવાર યોજના તૈયાર કરી સક્ષમ કક્ષાએ મંજુરી મેળવી લેવાની રહેશે.

૩/– આ અંગેનો ખર્ચ માંગણી નંબર–૯૨ (પ્લાન), પેટા મુખ્ય સદર:૦૨– સમાજ કલ્યાણ, ગૌણ સદર:૧૦૧–વિકલાંગોનું કલ્યાણ,પેટા સદર:૦૬ SCW-10, સમુહ આધારીત પુન:સ્થાપન કાર્યક્રમ બાબતના અનુદાન સદરે કરવાનો રહેશે.

૩/– આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧/૪/૨૦૧૬ની નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**(એમ.એલ.ભગોરા)**
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,–

(૧) માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
(૨) સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
(૩) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ, બ્લોકનં.૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર
(૫) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી,બ્લોકનં.૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર
(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત અમદાવાદ/રાજકોટ
(૭) નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
(૮) નાણા સલાહકારશ્રી,(સા.ન્યા અને અ.વિભાગ) બ્લોકનં.૧૪,બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૯) સેકશન અધિકારી,કોમ્પ્યુટરસેલ.સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય,ગાંધીનગર.વિભાગની વેબ સાઈટમાં છ૭–૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૦) સિલેકટ ફાઈલ

RAJ10-102-104